મોડાસા નગરપાલિકાની આવનારી ચૂંટણી માટે ભાજપની સેન્સ પ્રક્રિયામાં ૧૧ પાટીદારોએ ટીકીટ માગી

પાલિકા-પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા કાર્યકરોનો રાફડો

જિલ્લા-તાલુકા પંચાયતની બેઠકો માટે ૨૭૫ થી વધુ અને પાલિકા માટે ૨૮૮થી વધુ કાર્યકરોએ દાવેદારી નોંધાવી

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની આગામી દિવસમાં યોજાનારી ચૂંટણી માટે ભાજપ દ્વારા ત્રણ દિવસથી કવાયત હાથ ધરાઈ હતી. કવાયત દરમિયાન પાટીદાર અનામત આંદોલનકારીઓના વિરોધ વચ્ચે પણ ભાજપ દ્વારા ઉમેદવારી કરવા માટે પાટીદાર યુવાનો સહિત કાર્યકરોનો રાફડો ફાટી નિકળ્યો છે. ૫૫૦થી વધુ કાર્યકરોએ ભાજપનું બાયોડેટા ફોર્મ મેળવી નિરીક્ષકોને સુપ્રત કર્યા હતા.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે બીજી બાજુ ભાજપ દ્વારા નિરીક્ષકોની નિમણુંક કરીને ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોની રજુઆત સાંભળવાના કાર્યક્રમોની પણ શરૂઆત થઈ ગઈ છે. એક બાજુ પાટીદાર અનામત આંદોલનકારીઓ દ્વારા ભાજપના કાર્યક્રમોનો વિરોધ થઈ રહ્યો છે. બીજી બાજુ પાટીદાર યુવાનો પણ ભાજપના ચૂંટણી નિરીક્ષકોને પોતના બાયોડેટા ફોર્મ આપી ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી રહ્યા છે.

હિંમતનગરના નવા સરકીટ હાઉસમાં ભાજપના ચૂંટણી નિરીક્ષકો દ્વારા જીલ્લા, તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીઓ સંદર્ભે બુધવાર, ગુરૂવાર અને શુકવારે કાર્યકરોની રજુઆતો સાંભળવા માટે બેઠકો યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતની ૩૦ અને જિલ્લા પંચાયતની ૮ બેઠકો માટે ૨૭૫ થી વધુ કાર્યકરોએ ઉમેદવારી માટેના બાયોટેડા ફોર્મ ભરી ચૂંટણી નિરીકોને સુપ્રત કર્યા હતા. હિંમતનગર નગરપાલિકાના કુલ ૯ વોર્ડની બેઠકો માટે ૨૮૮થી વધુ કાર્યકરોએ ઉમેદવારી માટેના બાયોડેટા ફોર્મ ભરી ચૂંટણી લડવા ઈચ્છા દર્શાવી હતી.

આજથી જાદરમાં લોકમેળાનો પ્રારંભ

જાદર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના જાદર ખાતે મહાદેવ મંદિરે આજથી ત્રિદિવસીય જાદરના લોકમેળાનો પ્રારંભ થશે. ભાદરવાના બીજા સોમવારે યોજાતા પરંપરાગત લોકમેળાની મજા માણવા સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધાુઓનું આગમન થઈ ગયું છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક જાદર ગામ આવેલું છે. જ્યાં ૭૦૦ વર્ષ જુનુ મહાદેવનું પૌરાણિક મંદિર વર્ષોથી આસ્થાનું કેન્દ્ર છે. આ ભવ્ય મંદિરે દર વર્ષે ભાદરવાના બીજા સોમવારે ત્રિદિવસીય ભવ્ય લોક મેળો યોજાય છે. આ વર્ષે પણ આજથી આ મેળાનો પ્રારંભ થઈ ગયો છે.

આ લોકમેળાની મજા માણવા સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં મહાદેવના ભક્તો લોકમેળામાં પધારે છે. અને ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. આ મેળાને લઈ સ્થાનિક ગ્રામ પંચાયતને પણ મોટી આવક થશે. પોલીસ દ્વારા પણ મેળાને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

મોડાસા નગરપાલિકાની આવનારી ચૂંટણી માટે ભાજપની સેન્સ પ્રક્રિયામાં ૧૧ પાટીદારોએ ટીકીટ માગી

૯ વોર્ડ ૩૬ ઉમેદવારો સામે ૨૦૦ દાવેદારો

મોડાસા, તા. ૨૦

મોડાસા નગરપાલિકાની ૯ વોર્ડ અને ૩૬ બેઠકો ઉપર ભાજપ પક્ષ તરફથી ઉમેદવારી કરવા ઈચ્છુકોના ફોર્મ ભરવા અને રજૂઆત સાંભળવા શુક્રવારે સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી ડિપ વિસ્તારમાં આવેલા વલ્લભસદન હોલમાં કાર્યક્રમ યોજાયો હતો. મોડાસા નગરપાલિકાના દાવેદારોની રજૂઆત સાંભળવા કનુભાઈ મણીભાઈ પટેલ, ગુણવંતસીંહ રાઠોડ અને ચંદ્રિકાબેને

વોર્ડ વાઈજ ટેકેદારો અને ઉમેદવારોને સાંભળ્યા હતા. મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે હાથ ધરાયેલી ભાજપ સેન્સની પક્રિયામાં ભાજપ પક્ષના નિમણુંક નિરિક્ષકોએ ૯ વોર્ડ અને ૩૬ બેઠકો માટે દરેક ઉમેદવાર અને ટેકેદારોને શાંતિથી સાંભળ્યા હતા. જેમાં મોડાસા શહેરમાંથી ૩૬ બેઠકો માટે ૨૦૦ દાવેદારોએ ઉમેદવારી નોંધાવી ટીકીટની માંગણી કરી હતી. જેમાં ૧૧ પાટીદારોએ પણ ટીકીટની માંગણીની રજૂઆત કરી હતી. બીજી બાજુ મંગળવારે રાત્રે વિજાપુરની જાહેર સભામાં લાલજી પટેલે પાટીદારો ટિકીટ માંગવાના નથી એવો લલકાર કર્યાના ત્રણ દિવસ પછી મોડાસા નગરપાલિકામાં પાટીદારોએ નગરપાલિકાની ટિકીટ મેળવવા લાઈનમાં ઉભા જોવા મળ્યા હતા. પાટીદાર આગેવાનો દ્વારા અરવલ્લી ભાજપા કાર્યાલય ખાલી કરાવવા ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ત્યારે બીજી બાજુ પાટીદારો તાલુકા પંચાયત જિલ્લા પંચાયત અને મોડાસા નગરપાલિકાની ટીકીટો માટે મેદાનમાં આવતા પાટીદાર સમાજમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડે તો નવાઈ નહિ.

મોડાસા શહેરમંત્રી અશોકભાઈ પટેલ દ્વારા જણાવ્યું હતું કે મોડાસા નગરપાલિકાની આગામી ચૂંટણીઓમાં ભાજપની સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં ૨૦૦ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી અને શાંતિપૂર્ણ માહોલમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોદી સામે ચૂંટણી લડનાર સુનિલ કુલકર્ણીનું અવસાન

અમદાવાદ, તા.૨૦

વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન મોદી સામે લડનારા સુનિલ કુલકર્ણીનું અકસ્માતમાં મોત થયું હતું. આ ઘટના મુંબઈ-પૂણે હાઈવે પર બની હતી. આ ઘટનામાં તેમની સાથે આવેલા અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. ઘાયલ થયેલા લોકોને સારવાર અર્થે પૂણેની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સૂત્રો મુજબ આજે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યાની સુમારે સુનિલ કુલકર્ણી અને અન્ય બે લોકો ઈનોવા કાર લઈને મુંબઈથી પૂણે તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન પુરપાટે આવેલી ટ્રકે ઈનોવા કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

આ ઘટનામાં સુનિલ કુલકર્ણીને ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું. જ્યારે તેમની સાથે આવેલા અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. ઘાયલોને સારવાર અર્થે પૂણેની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેઓની સ્થિતી ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેર સુનિલ કુલકર્ણીની કર્મભૂમિ રહી છે. તેઓએ વર્ષો સુધી વડોદરા શહેરમાં રહીને બાંધકામ ક્ષેત્રે કામ કર્યુ હતું. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સુનિલ કુલકર્ણીને આપ પાર્ટીના ઉમેદવાર બનાવ્યા હતા. જો કે સુનિલ કુલકર્ણીને મોદી સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ વચ્ચે ધુમ્મસની સ્થિતિ રહી હતી.

હિંમતનગરની કૃણાલ સોસાયટીમાં રહેતા બે યુવકો ડેન્ગ્યુમાં સપડાયા

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલી કૃણાલ સોસાયટીમાં રહેતા બે કિશોરો ડેન્ગ્યુની બિમારીમાં સપડાતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા છે. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં દવાઓનો છંટકાવ તથા ગંદકી દૂર કરવાની કામગીરી ઝડપથી કરવામાં આવે તેવી માંગણી સ્થાનિક રહિશોમાં ઉઠવા પામી છે. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહિત જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ગંદકી અને મચ્છરોનો ભારે ઉપદ્રવ ફેલાયો છે. ત્યારે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો તાવમાં સપડાતા હોવાની ફરિયાદો ઉઠી છે. છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા ન હોવાથી ડેન્ગ્યુ, મેલેરીયાના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે.

મહાવીરનગર વિસ્તારમાં આવેલી કૃણાલ સોસાયટીમાં રહેતા પટેલ તીર્થ ધર્મેન્દ્રભાઈ (ઉં.વ.૧૦) તથા પટેલ ઉમંગ ધર્મેન્દ્રભાઈ (ઉં.વ.૧૪)ને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. જેથી તેમણે ખાનગી તબિબને ત્યાં સારવાર લેતા લેબ પરીક્ષણ દરમિયાન બંને કિશોરોમાં ડેન્ગ્યુના લક્ષણો જોવા મળ્યા હતા. જેના પગલે ડેન્ગ્યુમાં સપડાયેલા બંને કિશોરોને સારવાર માટે હિંમતનગર સિવિલના તબિબો દ્વારા સારવાર આપવામાં આવી રહી છે.

હિંતમનગરના શહેરી તથા આસપાસના નવા બેરણા, હડીયોલ, સવગઢ, પાણપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીઓમાં નિયમિત રીતે સાફ-સફાઈ તથા દવાઓનો છંટકાવ કરવામાં આવતો ન હોવાથી રોગચાળો વકરી રહ્યો છે. જેથી તંત્ર દ્વારા દવાઓના છંટકાવ તથા ગંદકી દૂર કરવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી સ્થાનિક રહિશોમાં માંગ ઉઠી છે.

વિજયનગરમાં પર્યુષણના પર્વે સોનાનો દોરો અને મંગળસૂત્ર ચોરાયું

હિંમતનગર, તા. ૨૦

વિજયનગરમાં શુક્રવારે શરૂ થયેલા દિગંબર જેન પર્યુષણ પર્વના દિવસે અને સંવત્સરીના દિવસે બાઈક પર આવેલ બે અજાણ્યા યુવકોએ મંદિરેથી ઘરે જતી જૈન મહિલાના ગળામાંથી મંગલસુત્રનો દોરો ખેંચી લીધો હતો. જે અંગે મહિલાએ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ અંગે વિજયનગર પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પાશ્વનગરમાં રહેતા મુકેશભાઈ નાથુભાઈ શાહના પત્નિ શિલ્પાબેન તથા તેમની પડોશીઓ સાથે સંવત્સરી અને દિગંબર જૈન પર્યુષણના દિવસે અભિષેક પૂજા પ્રવચન બાદ દિગંબર જૈનંદિરેથી ઘર તરફ જઈ રહી હતી. દરમ્યાન બસ સ્ટેશન તરફથી બાઈક પર આવેલા બે હેલ્મેટધારી યુવકો પૈકીના બાઈક પાછળ બેઠેલા યુવકે શિલ્પાબેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર અને સોનાનો દોરો મળી રૂ. ૮૦ હજારના દાગીના ઝુંટવી લીધા હતા. જેથી શિલ્પાબેને બુમાબુમ કરતા કેટલાક લોકોએ બાઈક પર ફરાર થયેલ યુવકોને પકડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બંને યુવકો બાઈક પર ભાગી છુટ્યા હતા. આ અંગે શિલ્પાબેને જિયનગર પોલીસસ્ટશનમાં જાણ કરતા પીએસઆઈ ચાવડા તથા તેમની ટીમે અજાણ્યા બાઈક સવારોને પકડી લેવા પ્રયાસ કર્યો હતો. પરંતુ કોઈ ભાળ મળી નહોતી. ત્યારબાદ શિલ્પાબેનની ફરિયાદ આધારે પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાબલી પોશીનાની પરિણીતાને દહેજ મામલે ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

ઈડર તાલુકાના સાબલી પોશીનાની પરિણીતાને પતિ સહિત સાસરીયા દ્વારા રૂ. ૫ લાખના દહેજની માંગણી સાથે તેણીને ન રાખવાના મામલે શારીરિક-માનસિક ત્રાસ અપાતો હતો. ઉપરાંત પતિને બીજી નોકરી કરતી પત્નિ રાખવી છે તેમ કહી મારઝુડ કરાતા અને જાનથી મારવાની ધમકીઓ અપાતા પરિણીતાએ પતિ સહિત પાંચ સાસરીયા વિરૂદ્ધ હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર હાલ હિંમતનગરના નિજાનંદનગરમાં રહેતા જયશ્રીબેનના લગ્ન ઈડર તાલુકાના સાબલી પોશીના ગામે રહેતા જયદિપભાઈ સોલંકી સાથે થયા હતા. લગ્નના છ માસ બાદથી આજદિન સુધી પરિણીતાના પતિની સાસરીયાની ચઢામણીથી તેણીને ન રાખવા તેમજ બીજી નોકરી કરતી પત્નિને રાખવાની બાબતમાં શારીરિક-માનસિક ત્રાસ અપાતો હતો અને સાસરીમાં રહેવું હોય તો બાપના ઘરેથી ગાડી લાવવા માટે રૂ. ૫ લાખ લઈ આવવાનું દબાણ કરી મારઝુડ કરાતી હતી. જેથી પરિણીતા પોતાના પિયર હિંમતનગરમાં આવી પરિવારજનોને જાણ કરી હતી.

અંતે પતિ સહિત સાસરીયાના ત્રાસ-મારઝુડથી કંટાળી ગયેલી પરિણીતા જયશ્રીબેને ગુરૂવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં જઈ પાંચેય સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

કોલેજોમાં અધ્યાપકો તેમજ આચાર્યની ભરતી અટવાઈ

અમદાવાદ, તા.૨૦

રાજયભરની ગ્રાન્ટેડ કોલેજોમાં આર્ટસ અને કોમર્સ ફેકલ્ટીના અધ્યાપકોની ભરતી પર હાઈકોર્ટે બ્રેક લગાવ્યો હતો. ત્યારે હવે બી.એડ અને લો કોલેજોમાં અધ્યાપકો તથા ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રિન્સિપાલની ભરતી ઉચ્ચ શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓએ ટલ્લે ચડાવી રહ્યા હોવાનું લાગી રહ્યું છે. ભરતી માટે શિક્ષણ વિભાગ દ્વારા પણ એનઓસી આપ્યાને એક વર્ષ વીતી જવા છતાં એકપણ ફેકલ્ટીમાં ભરતી માટે કોઈ ભરતી ન થતા રોષની લાગણી પ્રવર્તી જવા પામી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજય સરકારની શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ કોલેજોમાં ભરતી માટે છેલ્લા બે વર્ષથી કવાયત ચાલી રહી છે. પરંતુ હજુ સુધી સાયન્સને બાદ કરતાં એકપણ ફેકલ્ટીમાં ભરતી પ્રક્રિયા કરવામાં આવી નથી. આર્ટસ અને કોમર્સમાં ઉચ્ચ શિક્ષણ વિભાગે ભરતીની કાર્યવાહી શરૂ કરી હતી અને તેમાં ઓર્ડર ઈસ્યુ થાય તે પૂર્વે હાઈકોર્ટનો સ્ટે આવી જતા તેનો પ્રશ્ન પણ ટલ્લે ચડ્યો છે. ત્યારે બીજી પ્રક્રિયા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યાની ચોકાવનારી હકીકત પ્રકાશમાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા બી.એડ., લો અને શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપકોની ભરતી માટે એકાદ વર્ષે પૂર્વ એનઓસીની કાર્યવાહી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી અને ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓએ ગ્રાન્ટેડ કોલેજોને ભરતી માટેની એનઓસીની કાર્યવાહી કરે તો ગ્રાન્ટ અટકાવી દેવાની ચીમકી આપીને પણ તાત્કાલિક ધોરણે એનઓસીની પ્રક્રિયા પૂરી કરી દીધી હતી.

કાર્યક્રમ નહીં યોજાય ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે નહીં. હાર્દિક પટેલ હાલમાં સુરતમાં છે. આજે હાર્દિક પટેલ આંદોલનમાં ઈજા પામેલા યુવાનોને મળવા માટે પહોંચ્યો હતો.

ગઈકાલે હાર્દિક પટેલની એકતા રેલી યોજતા પહેલા અટકાયત કરી લેવામાં આવી હતી. દરમિયાન આજે પાટીદાર સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. પાટીદાર સંકલન સમિતિની રચના પણ કરવામાં આવી છે. પાટીદાર સમાજની તમામ અગ્રણી સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાનો, વડીલો અને આગેવાનોના આશીર્વાદ લેવા તથા સમર્થન માટે પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતના પાટીદારોને શાંતિ જાળવી રાખવા માટે પણ અપીલ કરવામાં આવનાર છે. ગુજરાતમાં થયેલી અશાંતિ અને તોફાનો માટે જવાબદાર સમિતિઓને અને પાટીદાર સમાજને ગેરમાર્ગે દોરનાર છે તેમને પાટીદાર સંકલન સમિતિ સમર્થન આપતી નથી. આજની બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી.

Whats app ઓફ..(ચોથા પાનાનું ચાલુ...)

જે મનુષ્યને પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને અન્ય મનુષ્યો, પશુઓ, પંખીઓ, જંતુઓ-નિર્જીવ પદાર્થો સુદ્ધામાં પરમેશ્વરનાં દર્શન થાય છે. આ મનુષ્ય માટે પરમેશ્વર વિનાનું કયાંક કયારેય કશું જ નથી અને માટે જ તેને મોહ, શોક, ભય, શંકા કે નિરાશા જેવું કંઈ જ સ્પર્શતું નથી. તેનામાં નિરંતર અનંત આનંદ જ આનંદ હોય છે. આ જ્ઞાન એ બીજ છે. એ બીજમાંથી જે વૃક્ષ ઊગે છે તે છે ભક્તિ. અને આ વૃક્ષ પર જે ફળ આવે છે તે છે કર્મ. આ ભક્તિ જયારે ક્રિયાશીલ થાય છે ત્યારે એ સેવારુપે પ્રગટે છે. તો, આવો ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિને મન ભરીને માણીએ. પળેપળને યોગ્ય ઉપયોગ કરીને જીવનના ઉતાર-ચડાવમાં સમતા જાળવીને ખેલદિલીપૂર્વક આવનારા પડકારોનો સામનો કરીએ, પછી ખુદ ઈશ્વર આપણને જીતાડવા અને જીતની ખુશીમાં સામેલ થવા આપણી પાસે આવશે.

- nehalgadhavi101@gmail.com

સ્વાઈન ફ્લુ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાવાળાઓએ સ્વાઈન ફ્લુને લઈ સતર્ક રહેવા માટે તંત્રના અધિકારીઓને તાકીદ કરી અને પરિસ્થિતિની સમીક્ષા પણ કરી હતી જે ઉલ્લેખનીય છે.

જિલ્લાતંત્રએ પણ તમામ દવાખાનાઓમાં સ્વાઈન ફ્લુના દવાનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવ્યો છે તેમજ તબીબી અધિકારીઓને સતત બદલાતા જતા વાતાવરણને લઈ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું છે.

પારિજાત (ચોથા પાનાનું ચાલુ...)

અને બંધિયારપણું છે. જેનાથી થોડાક સમય પછી કંટાળો આવે, એકલતા લાગે કે ડિપ્રેશન આવી જાય.

અને સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, પૃથ્વી, વૃક્ષો, નદીઓ, પર્વતો, જંગલો સહિત સૌ ફર્યા કરે છે તો આપણે શું કામ સ્થિર રહી જડવત્ બની જવું ? એના કરતાં જંગમ બની વિહરવું. આકાશે ઊડવું. પર્વતે ચઢવું - ખીણમાં ઉતરવું - નદી સાથે વહેવું - વૃક્ષો સાથે એકરુપ બની જવું અને બસ ! મસ્ત રહેવું.

અને કહેવું :

"હું તો બસ ફરવા આવ્યો છું"

જેને પ્રકૃતિ સાથે રહેવું ગમે છે એને માણસોને મળવું ગમે છે

(અર્પણ - પરેશ ઉપાધ્યાયને...)

અકસ્માત ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્ટીગા કાર જેવી હવામાં ઉછળી કે તેની બારીમાંથી એક યુવાન બહાર ફેંકાઈને પડયો હતો. અકસ્માતને નજરે જોનાર રાહદારી તો સ્તબ્ધ થઈ ગયા હતાં. ત્યાં ગાડીમાંથી ચાર યુવાનો એક પછી એક નશાની હાલતમાં બહાર નીકળ્યા...! સદભાગ્યે જે બહાર ફેંકાઈ ગયો હતો તે સહિત પાંચેયને ગંભીર ઈજાઓ થઈ ન હતી કે આ ઘટનામાં જાનહાની પણ થવા પામી ન હતી.

અર્ધવાર્ષિક પરીક્ષા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે અમદાવાદ સહિત રાજયની મોટાભાગની શાળાઓએ પોતાની પ્રથમ સત્રની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. તો કેટલીક શાળાઓએ તો ગાંધીજંયતિની રજાના બીજા દિવસે શાળામાં પરીક્ષા શરૂ કરવાનું નક્કી કર્યું છે. જેમાં માધ્યમિક વિભાગમાં ધોરણ ૯ અને ૧૦ તેમજ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે શાળાકિય પરીક્ષા પૂર્ણ થયા બાદ વીસ દિવસ બાદ ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા લેવામાં આવશે. ત્યારે હવે પ્રથમ સત્રની તમામ પરીક્ષાઓનાં કાર્યક્રમ જાહેર થઈ જતા વિદ્યાર્થીઓ અત્યારથી પરીક્ષાની તડામાર તૈયારીમાં લાગી ગયા છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે પ્રથમ સત્રની અર્ધ વાર્ષિક પરીક્ષા નવરાત્રી પહેલા જ પૂર્ણ થઈ જતી હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાનાં ટેન્શન વિના પરીક્ષાની મજા મણી શકશે.

જાહેર હરાજી

સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રીની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન
ખ-૫ સર્કલ, સેક્ટર-૧૪, ગાંધીનગર

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે રાચરચિલા અને ફર્નિચર સાથેનું નવું મકાન બાંધકામ કરવામાં આવેલ હોઈ, કચેરીના જુના ફર્નિચર, કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્ટીલ કબાટ, લાકડાના રેક, સ્ટીલના રેક, ટેબલ, ખુરશીઓ વિગેરે ચીજવસ્તુઓ / સાધનસામગ્રી જેવી છે તેવી હાલતમાં વેચાણ આપવાનું હોઈ, વેચાણ કરવા માટે જાહેર હરાજી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના ઉપર જણાવેલ સાધનસામગ્રીની જાહેર હરાજી તા. ૮/૧૦/૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. જે અન્વયે તેમાં ભાગ લેવા ઈચ્છનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ અત્રેની કચેરીની મહેકમ શાખામાં અરજી આપી તેઓનું ઉમેદવારી ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી મેળવી લેવાનું રહેશે. તેમજ હરાજીમાં હાજર રહેવા માટે ડીપોઝીટની રકમ રૂ. ૧૦,૦૦૦/- (રીફંડેબલ) 'અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ, ગાંધીનગર'ના નામના નેશનલાઈઝ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટથી તા. ૬/૧૦/૨૦૧૫ સુધીમાં જમા કરાવવાની રહેશે.

કોઈપણ ઈસમ / પેઢી / સંસ્થાએ બોલેલ હરાજીમાં ભાવ કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીને રહેશે.

ઈચ્છા ધરાવનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૨૨/૯/૨૦૧૫ થી તા. ૩/૧૦/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીની રૂબરૂ મુલાકાત લઈ વેચાણ કરવામાં આવનાર ચીજવસ્તુઓ / સાધનસામગ્રીનું નિરીક્ષણ કરી શકશે.

સ્થળ : સહી/-
તારીખ : ૧૬/૯/૨૦૧૫ અધિક સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ
માહિતી/૧૫૩૫/૨૦૧૫-૧૬ ગુજરાત રાજ્ય, ગાંધીનગર